# કલા અને સંસ્કૃતિની ઓળખ સમા 'અભિવ્યક્તિ'નો આરંભ

## રાગ રંગ, મોહરા, પોએમ્ફની, મૃગદેવતા અને લક્ષ્મણા ભાવનાઓને કળાના વિવિધ સ્વરૂપો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યા






અમદાવાદ, તા. ૧૬

કળા અને સંસ્કૃતિની વિશિષ્ટ ઓળખ સમા અભિવ્યક્તિ, ધ સિટી આર્ટ પ્રોજેક્ટ દ્વારા પ્રેક્ષકોને ઉત્કૃષ્ઠ અને સમૃદ્ધ સાંસ્કૃતિક અનુભૂતિ માટે પાંચ જુદા જુદા અને વૈવિધ્યસભર પ્રદર્શનો રજૂ કરવામાં આવ્યાં.

સંગીતની દુનિયાના બે ઉભરતા નામ, માતંગ પરીખ અને રાધિકાર પરીખ એક જ પ્રસ્તુતિ 'રાગ રંગ'માં ગઝલ ગાયકી અને ખયાલ ગાયકીની બારીકાઈઓ સામે લાવ્યા. 'ગઝલ' સંગીત સ્વરૂપ હિન્દુસ્તાની શાસ્ત્રીય પરંપરા સાથે ખૂબ નજીકથી સંબંધિત છે, સામાન્ય પણે તેમાં પરંપરાગત બંધારણ અને રાગના લેઆઉટનો ઉપયોગ કરવામાં આવે છે. બંને ગાયકોએ આ બંને પરંપરાઓમાં તફાવત તથા સમાનતા બતાવવાનો પ્રયાસ કર્યો અને સંગીતપ્રેમીઓના વિચારોમાં કાયમી છાપ છોડી.

બીજી પ્રસ્તુતિ 'મોહરાં-આવરણોની નીચે', કથક નૃત્ય દ્વારા મનુષ્યની વિવિધ લાગણીઓ અને અભિવ્યક્તિઓને રજૂ કરે છે. આપણે આપણા જીવનમાં વિવિધ સ્થળે-સમયે ઘણા લોકોને મળીએ છીએ અને તેથી આપણે તેમની વિવિધ લાગણીઓનો અનુભવ કરીએ છીએ. આ નૃત્ય અભિનયમાં શ્રદ્ધા બ્રહ્મભટ્ટ તેમની પુત્રી પાંખી અને પરી સાથે બદલાતા ચહેરાં, અપેક્ષાઓ, પીડા, મહત્વકાંક્ષાઓ, દુઃખદ, યાદો, અહંકાર અને આવી અસંખ્ય દેખાતી અને છૂપપાયેલી લાગણીઓને પ્રદર્શિત કરે છે. અહીં વાંદરાભાઈ (આપણી અંદરનો અહમ) માનવ મનના ભાવનાત્મક વિશ્વની જટિલતાને રજૂ કરે છે. આ કથક નૃત્ય તેમના પતિ જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ દ્વારા લિખિત ટૂંકી વાર્તા પર આધારિત હતું.

ત્રીજી પ્રસ્તુતિ કવિતા પ્રત્યે ઉત્સાહી એવા લોકો માટે હતી જેઓ તેને રચનાત્મક રીતે સંભળાવવાના ઉપાયો શોધે છે. ડ્રમર અને ડીજે સિદ્ધાર્થ ભાયાણી અને ઉભરતી કવયિત્રી અવંતિ તોહારેએ ઈલેક્ટ્રિક ડાન્સ મ્યુઝીક સાથે કવિતાના શબ્દોને કાવ્યાત્મક રીતે ભેળવી અલગ-અલગ મુડ બનાવવાની સાથે પોતાની આગવી ઓળખ જાળવી રાખી. તેમણે શબ્દો અને ધૂનનો એક માસ્ટરપીસ બનાવી વિવિધ માનવીય સંવેદાનાઓને સ્પર્શી. અવંતીએ ખુશી, ક્રોધ અને આશા પર કવિતાઓનું પઠન કર્યુ જ્યારે સિદ્ધાર્થે શબ્દો પોતાના લયબદ્ધ સંગીતથી તેને પુરી કરી અને શબ્દોને પાંખો આપી.

આ સાંજ લક્ષ્મણાની દુર્લભ પૌરાણિક કથાને પણ આવરી લીધી, જેને ભરતનાટ્યમના માધ્યમ દ્વારા રજૂ કરવામાં આવી. દુર્યોધન અને ભાનુમતિની પુત્રી, ભગવાન કૃષ્ણની પુત્રવધુ લક્ષ્મણા મહાભારતનું અતિ શક્તિશાળી તથા વિદ્રોહી અને વધુ પ્રસિદ્ધ ન પામેલું મહિલા પાત્ર હતુ. સોનલ ભાર્ગવ તેમના રચનાત્મક અને વિશુદ્ધ ભરતનાટ્યમના ભાવો દ્વારા કલાત્મક રીતે 'લક્ષ્મણા'નું પાત્ર વ્યક્ત કરે છે, જે ઐતિહાસિક ધર્મયુદ્ધના રચયિતા ભગવાન કૃષ્ણને સવાલ કરે છે, જેમાં તેના પિતા મૃત્યુ પામ્યા હતા. આ પ્રસ્તુતિ ભગવાન શ્રીકૃષ્ણને તેમની ચાલાકીભરી વ્યુહરચનાઓ અને ક્રિયાઓ દ્વારા લાખો નિર્દોષ લોકોના મૃત્યુ માટે જવાબદાર ઠેરવે છે. આ શાસ્ત્રીય નૃત્યુ સ્વર્ગીય પ્રકાશ પંડ્યાના ખૂબ વખણાયેલા પુસ્તક 'હવે તો ઉત્તર આપો કૃષ્ણ' પર આધારિત છે.

### જન્મદિને વધામણી



ખુશી હેમાંગભાઈ ગાંધી
મો. ૯૩૭૭૭ ૨૩૧૬૪



ગિરીશચંદ્ર તારાચંદ ઝાટકીયા
મો. ૯૦૯૯૦ ૭૩૪૪૪
મો. ૯૪૦૯૪ ૦૭૮૫૮

### ડાયરેક્ટ ❤ સે

જીતવાની સૌથી વધારે મઝા ત્યારે આવે છે જયારે... બધા તમારી હારની રાહ જોઈને બેઠા હોય.

# 'ક્યોંકી સાંસ ભી કભી બહુ થી' સિરિયલના ડાયલોગ રાઈટર દિલીપ રાવલ કૃત 'સ્વપ્રોત્સવ'નો નાટ્યોત્સવ યોજાયો




'ક્યોંકી સાંસ ભી કભી બહુ થી' સિરિયલના ડાયલોગ રાઈટર અને હિન્દી-ગુજરાતી ૧૦૦થી વધુ ફિલ્મોના કલાકાર- ગીતકાર દિલીપ રાવલ કૃત 'સ્વપ્રોત્સવ'નો નાટ્યોત્સવ તા. ૧૫-૨-૨૦૨૦ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કલાને સમર્પિત સંસ્થા 'સંસ્કારભારતી' દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

'સ્વપ્રોત્સવ'નું વિમોચન કરતા અભિષેક શાહે જણાવ્યું કે ' મેં 'હેલ્લારો' ફિલ્મનું દિગ્દર્શક કર્યું એ પહેલા એકાંકીઓનું જ દિગ્દર્શન કર્યું હતું. જે અનુભવ મને ફિલ્મમાં ખૂબ કામ લાગ્યો. દિલીપ રાવલના એકાંકીઓથી ખૂબ પ્રભાવિત થયો છું'. જાણીતા કટારલેખક ભવેન કચ્છીએ દેશ વિદેશના નાટકોની વિશદ અને રસપ્રદ વાત કરી હતી. પ્રતિભાવમાં દિલીપ રાવલે જણાવ્યું કે 'આંતર કોલેજ નાટ્ય સ્પર્ધા ન હોત તો કદાચ હું નાટકની આટલી લાંબી સફર ખેડી શક્યો ન હોત.'

જાણીતા ગાયિકા ડૉ. ફાલ્ગુની શશાંકે રંગભૂમિનાં ગીતોની બખૂબી પ્રસ્તુતિ કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા. રંગભૂમિના જાણીતા કલાકારો સર્વશ્રી જૈમિની ત્રિવેદી, કિરીટ પંડ્યા, કામિની પટેલ, જીગ્નેશ મોદી, કશ્યપ પાઠક, તન્મય ખરસાણી વગેરેના વાચિકમ પર 'વન્સ મોર'નો વરસાદ થયો હતો. ગોપાલ બારોટ દિગ્દર્શિત અને દિલીપ રાવલ લિખિત નાટક 'મોજ કરી લો યાર'ની પ્રસ્તુતિએ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવ્યા હતા. કાર્યક્રમનું સંકલન ગૌરવ પુરસ્કૃત સર્જક હરદ્વાર ગોસ્વામી અને સુપ્રસિધ્ધ શિક્ષણશાસ્ત્રી પ્રો. જયેન્દ્રસિંહ જાદવે ભાવવાહી શૈલીમાં સંચાલન કર્યું હતું. એક યાદગાર કાર્યક્રમ માણી દર્શકોએ વિદાય લીધી હતી.







ડૉ.માણેક પટેલ અભિવાદન સમિતિ દ્વારા ૧૫મી ફેબ્રુઆરીના રોજ, સાંજે ૫-૪૫ કલાકે, જે. બી. ઑડિટોરિયમ, અમદાવાદ ખાતે જાણીતા ડેન્ટિસ્ટ તેમજ અમદાવાદ શહેર વિષયક સાહિત્યના સંશોધક-લેખક ડૉ. માણેક પટેલ 'સેતુ'ની ૭૫ વર્ષની આયુષ્યયાત્રાની ઉજવણી 'માણેકોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે પોતાના મિત્રો સાથેના મીઠાં સંસ્મરણો આલેખતા ગ્રંથ 'મૈત્રી-માધુર્ય'નું વિમોચન જાણીતા હાસ્ય લેખકશ્રી રતિલાલ બોરીસાગરના વરદ હસ્તે કરવામાં આવ્યું. વિમોચન થયેલ ગ્રંથ વિશે શ્રી રતિલાલ બોરીસાગરે વક્તવ્ય આપ્યું. સાથે ડૉ.માણેક પટેલ'સેતુ' દ્વારા નિર્મિત 'ગાંધીજી અહમદાબાદ' દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વિશે કવિશ્રી ભાગ્યેશ જહાએ અને 'સેતુ'ની ગાંધીયાત્રા વિશે ગૂજરાત વિદ્યાપીઠના વાઈસ ચાન્સલેર ડૉ.અનામિક શાહે વક્તવ્ય આપ્યું. માણેક પટેલના મિત્રોએ માણેક પટેલને હાર, શાલ અને સાફો પહેરાવીને તથા અભિવાદનપત્ર આપીને જન્મદિનની શુભેચ્છાઓ આપી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સિંગર એન્ડ આર્ટિસ્ટ શ્રી નીલા પટેલે સંભાળ્યું હતું. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આઈઆઈટી ગાંધીનગરે દેશભરના ૧૨૦૦થી વધુ સહભાગીઓ સાથે એસીએમ-ઈન્ડિયાની વાર્ષિક ઈવેન્ટ ૨૦૨૦ હોસ્ટ કરી

## કમ્પ્યુટીંગના જાણીતા નિષ્ણાતો, સંશોધનકારો અને શિક્ષણવિદોએ આ ક્ષેત્રના કેટલાક આકર્ષક કાર્ય અને પડકારો વિશે ચર્ચા કરી

ગાંધીનગર

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગરે (આઈઆઈટી ગાંધીનગર) એસોસિએશન ફોર કમ્પ્યુટિંગ મશીનરી- ઈન્ડિયા (એસીએમ-ઈન્ડિયા)ની વાર્ષિક ઈવેન્ટ ૨૦૨૦નું આયોજન ૧૫ ફેબ્રુઆરીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરના કમ્પ્યુટીંગ વિજ્ઞાન અને તેને સંલગ્ન ક્ષેત્રોના ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ, સંશોધકો, ફેકલ્ટી સભ્યો અને વ્યાવસાયિકોની જબરજસ્ત ઉપસ્થિતિ જોવા મળી હતી. આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં એસીએમના અધ્યક્ષ પ્રો ચેરી પેનકેક; એસીએમ-ભારતના અધ્યક્ષ અભિરામ રાનાડે; સ્પીકર્સ તરીકે એસીએમ એવોર્ડ વિજેતાઓ; રાષ્ટ્રીય ઈ-ગવર્નન્સ વિભાગના પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી અભિષેક સિંઘ (આઈએએસ); અને એસીએમ-ઈન્ડિયા ઓફિસના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

વિજ્ઞાન અને તકનીકીના ટ્રેંડ્સની ચર્ચા કરવા અને એસીએમની ભાવના અને કોમ્પ્યુટિંગમાં ભારતની સિદ્ધિઓની ઉજવણી કરવા માટે એસીએમ ઈન્ડિયા આ વાર્ષિક મુખ્ય કાર્યક્રમનું આયોજન કરે છે. ઈવેન્ટની શરૂઆતમાં, આઈઆઈટી ગાંધીનગરના સ્ટુડન્ટ્સ અફેર્સના ડીન પ્રોફેસર હરીશ પી એમ એ સંસ્થાના મુખ્ય મૂલ્યો, સંસ્કૃતિ તથા નવીનતમ અને સમાવિષ્ટ વાતાવરણની ઝાંખી પૂરી પાડી હતી.

ટેક્નિશ યુનિવર્સિટી મ્યુશેનના જર્મન થિયરેટીકલ કમ્પ્યુટર વૈજ્ઞાનિક અને ગોટફ્રાઈડ વિલ્હેલ્મ લિબનીઝ પ્રાઈઝ મેળવનાર પ્રોફેસર સુઝાન આલ્બર્સે 'અલ્ગોરિધમ્સ બિયોન્ડ ધ વર્સ્ટ કેસ' વિશે વાત કરી. તેમણે સમજાવ્યા.

વોશિંગ્ટન યુનિવર્સિટીના અમેરિકન કમ્પ્યુટર વૈજ્ઞાનિક તેમણે તેમના ક્લિનિકલ સહયોગીઓ સાથે હાથ ધરવામાં આવેલા સંશોધન પ્રોજેક્ટ્સનું



એલ્ગોરિધમ કાર્ય, ઓનલાઈન પેજિંગના વિવિધ પાસાઓ, અને કમ્પ્યુટર વિજ્ઞાનમાં વિવિધ વિશ્લેષણાત્મક અભિગમો અને તેના ઉપયોગો માટેના વર્સ્ટ-કેસ એનાલિસીસના વિવિધ સિદ્ધાંતો અને ઉદ્યોગસાહસિક તથા ૨૦૧૮ એસીએમ પ્રાઈઝ ઈન કમ્પ્યુટીંગના વિજેતા પ્રોફેસર શ્વેતક પટેલે, 'ન્યુ વેઝ ઓફ થિંકિંગ ઓફ મોબાઈલ ફોન ફોર હેલ્થકેર' વિશે વાત કરી હતી. વર્ણન કર્યું જે વિવિધ રોગોના સ્ક્રિનિંગ, સ્વ-સંચાલન અને લાંબાગાળાના અભ્યાસ કરવા માટે નવી રીતોમાં મોબાઈલ ઉપકરણોના વિવિધ સેન્સર નો ઉપયોગ કરે છે.






પેટ્રોકપે પી.પી.પી.યુ.ના ગેમિંગ ક્લબના રિસ્પોન- સાથે મળીને ઈ-ગેમિંગને અનૌપચારિક રમત તરીકે રજૂ કર્યું. ઈ-ગેમિંગ, જેને જજમેન્ટલ ડે તરીકે પણ ઓળખવામાં આવે છે, ૧૫ ફેબ્રુઆરી (પેટ્રોકઅપનો ૩ દિવસ) થી પ્રારંભ થયો હતો. આ સત્રમાં ૪ રમતો હતા જે રેઈન્બો સિક્સ સીઝ, પબજી મોબાઈલ, કોલ ઓફ ડ્યુટી મોબાઈલ અને ફીફા ૨૦ હતી. ત્યાં રૂપિયા ૮૮૦૦ ઈનામ પણ હતો. પેટ્રોકઅપનો ચોથો દિવસ હોવાથી, દિવસની શરૂઆતમાં મેન્સ ક્રિકેટ, અલ્ટીમેટ ફ્રિસ્બી, કેરમ, ખો ખો જેવી ઘણી રમતોની સેમિ-ફાઈનલ્સ રમી હતી. પીડીપીયુ અને નિરમા વચ્ચે મેન્સ બેડમિંટનની ફાઈનલ પણ રમવામાં આવી હતી, જેને નિરમાએ જીતી હતી. મેડ્સ લૉન ટેનિસની ફાઈનલ આજે પીડીપીયુ અને નિરમા વચ્ચે પણ રમવામાં આવી હતી, જે પીડીપીયુએ જીતી હતી.

# શિવરંજની સંસ્થા દ્વારા 'હજો હાથ કરતાલ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર એવો ટાઉનહોલ હમણાં દુરસ્તી માટે આરક્ષિત છે. ગુજરાતનો દરેક કલાકાર અહીં પરફૉર્મન્સ આપી ચૂક્યો હશે. અત્યારે એની ખોટ વર્તાય છે. અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો ટાઉનહોલ સિવાય અન્યત્ર યોજવાની પરિસ્થિતી ઊભી થઈ છે.

હાલમાં શિવરંજની સંસ્થાનો 'હજો હાથ કરતાલ ' નામે સુંદર કાર્યક્રમનું પાર્ટી પ્લોટ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તમ કક્ષાના ગાયક કલાકારો અને ઉત્તમ સાજીંદા ટીમ દ્વારા પ્રસ્તુત ' હજો હાથ કરતાલ ' એક ઉત્કૃષ્ટ પ્રસ્તુતિ બની રહ્યો.

ગુજરાતના જાણીતા-માનીતા મંજાયેલા કલાકારો ગાર્ગી વોરા, હસમુખ પાટડીયાજી આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ હતા. જયારે સુશ્રી માર્ગી હાથીનું સંચાલન અદભૂતથી ઉપર કોઈ શબ્દ પ્રયોજવાનું મન થાય એવું મનભાવન બની રહ્યું. આ કાર્યક્રમ એક એવો સંપૂર્ણ ગુજરાતી રસથાળ હતો જેમાં એક પણ વાનગી અણગમતી ન હતી.

પૂ. ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિના ઉપલક્ષમાં યોજાયેલ આ કાર્યક્રમની મુખ્ય થીમ પ્રાર્થના અને ભજનો હતા. ગાંધીજીને ગમતી આ પ્રવૃત્તિ, એ વિરાટ વ્યક્તિત્વને અપાયેલો અઘ્ર્ય કહી શકાય.

ગુજરાતી સુગમ સંગીતની અમરકૃતિ 'માડી તારું કંકુ ખર્યું...' થી કાર્યક્રમની શરૂઆત થઈ. ગાર્ગી વોરા કંઠે પ્રસ્તુત આ રચનાથી વાતાવરણમાં સાત્વિક સુરમધુરતા સ્થાપિત થઈ. ઈશોપનિષદની વાત ટાંકતા સંચાલિકા માર્ગી હાથી એ પૂ. ગાંધીજીને મિલેનિયમ મેન વર્ણવ્યા હતા. ગાંધીજીનો સંદેશ ' મારું જીવન એજ મારી વાણી ' ને વણીલેતી શ્રી ઉમાશંકર જોષીની રચના, જેનું સ્વરાંકન શ્રી પરેશ ભટ્ટે કર્યું છે એ સુંદર ગીત હસમુખ પાટડીયાજી દ્વારા પ્રસ્તુત થયું. ગીતના શબ્દો હતા, ' મારા શબ્દો




ભલે નાશ પામો...' અત્યંત અસરકારક આ પ્રસ્તુતિને શ્રોતાઓ એ વધાવી હતી.

ભગવા વસ્ત્રો ન પહેરવા છતાં જેમની કક્ષા એક સંતને આંબી જાય એવી હતી. એવા પારદર્શકતાના પર્યાય સમા પૂ. ગાંધીજીની યાદ સાથે નરસિંહ મહેતાની લોકપ્રિય રચના ' ઊંચી મેડી તે મારા સંતની રે...' ની ગાર્ગી વોરાના જાદુઈ કંઠે પ્રસ્તુત કરવામાં આવી ત્યારે સાંભળનાર સહુ સૂર-શબ્દમાં ધ્યાનસ્થ થયા. ત્યારબાદ નરસિંહ મહેતાની કૃતિ શ્રી હસમુખ પાટડીયાજી દ્વારા પ્રસ્તુત કરવામાં આવી. ' જય માધવ મદન મોરારી...જય કેશવ કલી મલ્હારી ' વાંસળીના સૂરીલા સૂરોના સંયોજન થી આ પ્રસ્તુતિને ચાર ચાંદ લાગી ગયા. શ્રોતાઓ એ એને હદયપૂર્વક વધાવ્યું હતું.

સંગીતમય ક્ષણોમાં પ્રશ્નો પણ શાંત થઈ જાય છે. ભજનમય બનવાથી વ્યક્તિ શાશ્વત સૂરને પામે છે. માર્ગી હાથીની આવી અદભૂત જ્ઞાન સમૃધ્ધિ ભરી પૂર્વ ભૂમિકા બાદ ' વજન કરે તે હારે મનવા...ભજન કરે તે જીતે મનવા ' રજૂ થયું હતું. રાધાકૃષ્ણના અદ્વૈત પ્રેમની વાત જેમાં સમજણના સીમાડા છોડીને અચરજના સીમાડે ફરવાનું મન થાય એવી પ્રસ્તુતિ ગાર્ગી વોરાના અવાજમાં થઈ જેના શબ્દો હતા. ' બાજે રે મોરલીયા બાજે...અધર ધરે મોહન મોરલી પર...' ઓરીજનલી ભાઈલાલ ભાઈ બારોટનાં સ્વરાંકન વાળી રચના પરંતુ અહીં શ્રી હસમુખભાઈ ના પોતાના સ્વરાંકનમાં તેમના જ અવાજમાં પ્રસ્તુત કરવામાં આવી, એવી 'ચંદ્રમૌલી...હે ચંદ્રશેખર...' ની રજૂઆતે વાતાવરણમાં ઊર્જાનો સંચાર કર્યો હતો. સંચાલિકાના શબ્દોમાં...સહજ પ્રેમમઢી ધમકી ભર્યું પદ, જેમાં આધિપત્યની વાતને સુંદર રીતે સમાવી લેવાઈ છે...' માને તો મનાવી લેજો રે...મારા વ્હાલાને વઢીને કહેજો રે ' બંને ગાયકો દ્વારા થયેલી આ સુંદર પ્રસ્તુતિએ સૌને ભક્તિરસ માં તરબોળ કર્યા હતા. એક ક્ષણે જેને ધમકી બીજી ક્ષણે એને વંદન એવી પ્રેમ-સમર્પણ-આત્મિયતાની વાત સમાવતી લોકપ્રિય રચના ' મારા ઘટમાં બીરાજતા...' ની પ્રસ્તુતિ આનંદદાયી બની રહી.

શબ્દો કરતાં ઉત્કટતા વધુ હોય ત્યારે તે કીર્તન બને છે. એના ભાગરૂપે બંને કલાકારો એ કીર્તનની આહલેક જગાવી હતી. 'જીવ શાને ને રહેવું ગુમાનમાં, તારે રહેવું ભાડાના મકાનમાં', 'ધૂણી રે ધખાવી..અમે તારા નામની ', ' દયાના સાગર થઈ કૃપા રે નિધાન ', ' રામ સભામાં અમે રમવાને ગ્યાં તા...', 'રાખના રમકડાં...', 'વીજળીના ચમકારે મોતીડા પરોવો, પાનબાઈ ', ' નગર મેં જોગી આયા, યશોદા કે ઘર આયા ' ભક્તિભાવ થી તરબતર આ રચનાઓ અને કલાકારો દ્વારા બેનમૂન પ્રસ્તુતિ એ કાર્યક્રમને વિશેષ ઊંચાઈ બક્ષી હતી.

અને છેલ્લે, કાર્યક્રમના અંત ભાગમાં પરાયાને પોતાના કરી દેતી વાત કહેતું...શાસ્ત્રોનો સાર જેમાં સમયેલો છે એવું ભજન " વૈષ્ણવ જન તો તેને રે કહીએ..." ની પ્રસ્તુતિ દ્વારા પૂ. ગાંધીજીને અપાયેલી ભવ્ય સ્વરાંજલીમાં ઉપસ્થિત સહુ શ્રોતાગણે મનોમન પોતાનો સૂર પૂરાવ્યો હતો.

- મમતા રાવલ